ભારતના ૨૯માં રાજ્ય તરીકે તેલંગાણા

તેલંગાણાના પ્રથમ મુખ્યપ્રધાન તરીકે રાવની આજે તાજપોશી

હૈદરાબાદ, તા.૧

ટીઆરએસના પ્રમુખ કે ચંદ્રશેખર રાવ આવતીકાલે તેલંગાણા રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. તેલંગાણા રાજ્ય આવતીકાલે અસ્તિત્વમાં આવી જશે. આની સાથે જ ભારતના ઈતિહાસમાં વધુ એક નવા રાજ્યનો જન્મ થઈ જશે. આંધ્રપ્રદેશના વિભાજન મારફતે અલગ તેલંગાણા રાજ્યની રચના માટેની લાંબી પ્રક્રિયા ચાલી હતી. જેના પરિણામ સ્વરૂપે હવે અલગ તેલંગાણા રાજ્ય બની જતા આવતીકાલે તેલંગાણાના લોકો માટે ઐતિહાસિક દિવસ રહેશે. ચંદ્રશેખર રાવ રાજભવન ખાતે સવારે ૮.૧૫ વાગે મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. સંયુક્ત આંધ્રપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન ચાલી રહ્યું હતું. સોમવારના દિવસે આને ઉઠાવી લેવામાં આવશે. આની સાથે જ કેસીઆર હેઠળ નવી સરકાર અસ્તિત્વમાં આવી જશે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં ટીઆરએસએ જોરદાર સપાટો બોલાવી ૧૧૯ બેઠકો પૈકી ૬૩ બેઠકો જીતી લીધી હતી. તેલંગાણા અસ્તિત્વમાં આવે તે પહેલાં ઘણી બધી ઝુંબેશો હાથ ધરવામાં આવી હતી. ચંદ્રશેખર રાવના શપથ પહેલા તેલંગાણાના નવા રાજ્યપાલ તરીકે નરસીમન શપથ લેશે. ઈન્ટેલીજન્સ બ્યુરોના ભૂતપૂર્વ વડા નરસીમન તેલંગાણા અને આંધ્રપ્રદેશના રાજ્યપાલ તરીકે કામ કરશે. શપથ લીધા બાદ કેસીઆર પરેડ ગ્રાઉન્ડ ખાતે તેલંગાણા રચના દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

કેસીઆરના પ્રધાનમંડળની રચનાને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. કેટલાક પ્રધાનોના નામ સપાટી પર છે જેમાં આંધ્રપ્રદેશ વિધાનસભામાં ટીઆરએસના ફ્લોર નેતા રાજેન્દરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેસીઆરના ભત્રીજા ટી હરિશ રાવનો પણ સમાવેશ થાય છે. કેસીઆર આ મહીનાના અંત પહેલા તેમના પ્રધાન મંડળનું વિસ્તરણ કરે તેવી શક્યતા છે. ટીઆરએસના વડા કે ચંદ્રશેખર રાવ દ્વારા ઝેડપ્લસ સુરક્ષા છત્રની માંગ કરવામાં આવી છે. શપથવિધીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

ઉત્તરપ્રદેશમાં જંગલરાજ હોવાનો માયાવતીનો દાવો

લખનૌ,તા. ૧

બહુજન સમાજ પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન માયાવતીએ આજે સમાજવાદી પાર્ટી સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને રાજ્યમાં

ફરી રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરી હતી. માયાવતીએ ભોગ બનેલી દલીત બહેનોના પરિવારના સભ્યોને મળીને રાષ્ટ્રપતિ શાસનની માંગણી કરી હતી સાથે-સાથે ઉત્તરપ્રદેશમાં હાલ જંગલરાજ હોવાનું દાવો કર્યો હતો. માયાવતીએ કહ્યું હતું કે સામાન્ય રીત આવા સ્થળોની મુલાકાત લેતા નથી. પરંતુ આ કેસમાં તેઓએ સીબીઆઈ તપાસ માટે દબાણ લાવવા મુલાકાત લીધી છે. માયાવતીએ કહ્યું હતું કે જો તેઓએ બદૌનની મુલાકાત ન લીધી હોત તો રાજ્ય સરકારે સીબીઆઈ તપાસની ભલામણ ન કરી હોત.બસપના વડાએ કહ્યું હતું કે અધિકારીઓની બદલી અને કેટલાકને સસ્પેન્ડ કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે. નહી. તેમની પાર્ટીના સભ્યો પર અંકુશ મુકવા માયાવતીએ સપા સરકારને સુચન કર્યુ હતુ. જો સરકાર સ્થિતીન કાબુમાં લેવામાં નિષ્ફળ છે તો લોકોના હિતમાં સત્તા છોડી દેવી જોઈએ. આ સંબંધમાં કેન્દ્ર સરકારે પહેલ કરવી જોઈએ. જો કેન્દ્ર પગલા લેશે નહી તો સપાની સાથે ભાજપને પણ લોકો માફ કરશે નહી. પરિવારના સભ્યોને મળવા માટે બદૌન જતા પહલા માયાવતીએ આ મુજબની વાત કરી હતી. રેપના આરોપીને બચાવવાના નિવેદનના કારણે આ બનાવ બની રહ્યા છે. સપાની પાર્ટીના લોકો પોલીસની મદદની આવા કૃત્ય કરી રહ્યા છે. ગઈકાલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પણ બદૌન પહોંચ્યા હતા. ચુંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતીએ ગેંગરેપ કેસમાં સીબીઆઈ તપાસની માયાવતીએ માંગણી અગાઉ કરી હતી. લોકસભાની ચુંટણી બાદ ઉત્તરપ્રદેશમાં ગુનાઓમાં ચિંતાજનક રીતે વધારો થયો છે તેઓ આક્ષેપ કરતાં માયાવતીએ કહ્યું છે કે, બદૌન જીલ્લામાં બે દલીત બહેનો ઉપર ગેંગરેપ અને ત્યારબાદ તેમની હત્યાનો બનાવ ખૂબ જ ગંભીર બનાવ છે. ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની પણ માયાવતીએ માંગ કરી હતી. માયાવતીએ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે. આવી સ્થિતિમાં રાજ્યપાલે રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી દેવી જોઈએ. માયાવતીએ એ વિસ્તારની મુલાકાત પણ લીધી હતી જ્યાં બે બહેનોના મૃતદેહ વૃક્ષ ઉપર લટકેલી હાલતમાં મળી આવ્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ ગઈકાલે દલીત પરિવારના સભ્યો સાથે વાતચીત કરી હતી.

આરબીઆઈની પોલીસી સમીક્ષા મંગળવારે જારી

નવી દિલ્હી,તા. ૧

શેરબજાર અને ઉદ્યોગ જગત દ્વારા જેની રાહ જોવામાં આવી રહી છે તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા મંગળવારના દિવસે જારી કરવામાં આવનાર છે. પોલીસી સમીક્ષા બાદ બજારની દિશા નક્કી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. શેર બજાર ઉપરાંત ઓટોમોબાઈલના શેરમાં આના કારણે મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરાય તેવી શક્યતા છે. આ સેક્ટરની કંપનીઓ મે મહીના માટેના માસિક વેચાણના આંકડા પણ જારી કરનાર છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર દ્વારા સત્તા સંભાળી લીધા બાદ આરબીઆઈની આ પ્રથમ પોલીસી સમીક્ષા રહેશે. ચોથા ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે. વિદેશી મૂડીરોકાણકારો દ્વારા મૂડીરોકાણ પ્રવાહ, વૈશ્વિક પરિસ્થિતિ, ડોલર સામે રૂપિયાની સ્થિતિ, શેરબજારની સ્થિતિ સહિતના તમામ પરિબળોને આવરી લેવામાં આવશે. જીડીપીના આંકડા અંગે થઈ રહેલી ગણતરીને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ભારતનો આર્થિક વિકાસ દર સતત બીજા વર્ષે ૫ ટકાથી ઓછો રહ્યો છે. આર્થિક વૃદ્ધિ દર ૨૦૧૩-૧૪ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૪.૬ ટકા રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. આરબીઆઈની પોલીસી અંગે વાત કરતાં નિષ્ણાંત લોકોનું કહેવું છે કે કેટલાક આશ્ચર્યજનક નિર્ણય લેવામાં આવી શકે છે. વ્યાજદરના મુદ્દે વાત કરવાની સ્થિતિમાં કોઈપણ નિષ્ણાંત નથી.

સીટ કાળા નાણાં મુદ્દે આજે પ્રથમ મિટિંગ યોજવા તૈયાર

નવી દિલ્હી,તા. ૧

કાળા નાણાંના મુદ્દે હાલમા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) આવતીકાલે તેની તેની પ્રથમ બેટક યોજશે. ભારતીય દ્વારા વિદેશમાં જમા કરવામાં આવેલા બિનહિસાબી ફંડના કેસના મામલે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે તેવી શક્યાતા છે. બેઠકમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે. જસ્ટીસ (નિવૃત)એમબી શાહ આ બેઠકનુ નેતૃત્વ કરશે. આ બેઠકમાં સીટના ઉપપ્રમુખ જસ્ટીસ (નિવૃત) અરિજિત પાસાયત તેમજ ૧૧ હાઈ પ્રોફાઈલ એજન્સી અને વિભાગોના ટોચના અધિકારી હાજરી આપે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું હતું કે આ બેઠકમાં કાળા નાણાંના દુષણને રોકવા અંગે પોલિસી મામલે ચર્ચા કરવામાં આવશે. સાથે સાથે હાલમાં ચાલી રહેલી તપાસની પ્રગતિ અને ઉપલબ્ધ વિકલ્પ મામલે ચર્ચા કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યું છે કે તમામ ભાગ લેનાર વિભાગોને તપાસ અંગે તેમના અહેવાલ લાવવા માટે કહેવામાં આવ્યુંછે. આ વિભાગના અધિકારીઓ સીટના ચેરમેન અને વાઈસ ચેરમેનને જરૂરી માહિતી આપશે. નાણાં મંત્રાલય હેઠળ મહેસુલ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા સીટ માટેની શરતો અંગે જણાવવામાં આવ્યુંછે કે આ ટીમ તમામ મામલે તપાસ કરી શકશે. ભારતીય દ્વારા વિદેશી બેંકોમાં જમા કરવામાં આવેલા બિનહિસાબી નાણાંના સંબંધમાં તપાસ કરી શકશે. સરકારે ૨૭મી મેના દિવસે સીટની રચના અંગે જાહેરનામુ જારી કર્યું હતુ. અગાઉ સુપ્રીમ કોર્ટેદેશની અગ્રણી તપાસ સંસ્થા, એન્ફોર્સમેન્ટ અને ઈન્ટેલિજન્સ સંસ્થા સાથેબનેલી હાઈ પ્રોફઈલ ટીમની રચના કરવા માટે સુચના આપી હતી. સુપ્રીમ કોર્ટે સુચના આપ્યા બાદ સરકારે સીટની રચના કરવાની જાહેરાત કરી હતી. સીટમાં રેવેન્યુ વિભાગના સેક્ટરી, આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર, ઈન્ટેલિજન્સ બ્યુરોના ડિરેક્ટર, ઈડીના ડિરેકટર, સીબીઆઈના ડિરેક્ટર, સીબીડીટીના ચેરમેન અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના ટોચના ડિરક્ટરનો સમાવેશ થાય છે.

ભીષણ અથડામણ : ખુંખાર ત્રાસવાદી અબુ અક્સા ઠાર

શ્રીનગર,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળને મોટી સફળતા હાથ લાગી છ. કારણ કે આજે સવારે ઉત્તર કાશ્મીરમાં હેન્ડવારા ખાતે સુરક્ષા દળો સાથેની ભીષણ અથડામણમાં કુખ્યાત ત્રાસવાદી અબુ અક્સા ઠાર થયો હતો. તેની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો મળી આવ્યો હતો. શ્રીનગરથી આશરે ૭૫ કિલોમીટરના અંતેર હેન્ડવારા ખાત આ બનાવ બન્યો હતો. ઠાર મારવામાં આવેલો આતંકવાદી અબુ અક્સા તરીકે ઓળખાયો છે તે લશ્કર-એ-તોયબાનો ડિવીઝનલ કમાન્ડર તરીકે હતો અને અફઘાન નાગરીક હતો. તે ભૂતકાળમાં ઘણા બધા આતંકવાદી હુમલામાં સામેલ રહ્યો હતો. તેની પાસેથી એકે-૪૭ સહિત ઘણા હથિયારો મળી આવ્યા હતા. થોડાક દિવસ પહેલાં જ બે ખુંખાર આતંકવાદી જુબેર અહમદ ઉર્ફે મુસાબ અને અસફાક એહમદ ઉર્ફે આમીર ઠાર થયા હતા. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ ફરી એકવાર સક્રીય થવાના પ્રયાસ કરી રહ્યા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદ આતંકવાદીઓ સંગઠીત થવાના પ્રયાસમાં છે.

નરેન્દ્ર મોદી ઈફેક્ટ : બજારમાં ૩૪૦૦૦ કરોડનુ રોકાણ થયુ

નવી દિલ્હી,તા. ૧

વિદેશી રોકાણકારો ભારતીય બજારમાં જગી નાણાં ઠાલવી રહ્યા છે. ગયા મહિને અટલે કે મે મહિનામાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાં આશરે ૩૪૦૦૦ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. વિદેશી રોકાણકારોને આશા છે કે કેન્દ્રમાં નવી નરેન્દ્ર મોદી સરકાર સુધારાને ઝડપથી આગળ વધારશે અને વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવશે. મુડી બજાર નિયામક સેબી દ્વારા આપવામાં આવેલા આંકડા દર્શાવે છે છે કે મે મહિનામાં ભારતીય ઈક્વિટીમાં એફઆઈઆઈ દ્વારા નેટ રોકાણનો આંકડો ૧૪૦૦૬ કરોડ અથવા તો ૨.૩૫ અબજ ડોલરનો રહ્યો છે. જ્યારે ડેબ્ટ માર્કેટમાં આ આંકડો ૧૯૭૭૨ કરોડનો રહ્યો છે.આની સાથે જ વિદેશી રોકાણકારો દ્વારા કુલ ૩૪૦૦૦ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બજારમાં વિશ્વાસ અકબંધ રહ્યો છ. બજાર સાથે જોડાયેલા નિષ્ણાંતો માને છે કે વિદેશી રોકાણકારો નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર પર વધારે આશા રાખી રહ્યા છે. વિદેશી રોકાણકારો માને છે કે આગામી દિવસોમાં પણ સરકાર વધુ ઝડપથી સુધારાની દિશામાં આગળ વધશે. તાજેતરમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ વિદેશી રોકાણકારો માની રહ્યા છે કે આર્થિક સુધારાની ગતિ ઝડપી બનશે. સુધારાને આગળ વધારવામાં આવ્યા બાદ આર્થિક તેજી આવશે. નિર્ણાયક રાજકીય જનમત આપ્યા બાદ નિષ્ણાંતો માની રહ્યા છે કે વધુ વિદેશી પ્રવાહ આવશે.ઈક્વિટી માર્કેટના મુખ્ય ડ્રાઈવર પૈકીના એક તરીકે આને ગણવામાં આવે છે. મે મહિનામાં સેન્સેક્સમાં આઠ ટકાનો મોટો ઉછાળો નોંધાયો છે. એપ્રિલમાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરમાં ૯૬૦૨ કરોડનુ રોકાણ કર્યું હતુ. માર્ચમાં ૨૦૦૭૭ કરોડનુ રોકાણ કરાયું હતુ. જાન્યુઆરીમાં ૭૧૪ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું હતુ. દેશમાં હાલમાં નોંધાયેલા એફઆઈઆઈની સંખ્યા ૧૭૦૯ છે. જેમાં ૬૪૫૦ પેટા ખાતાનો સમાવેશ થાય છે. તાજેતરના મહિનામાં વિદેશી પ્રવાહમાં વધારો થયો છે.

દરરોજ બીટ રૂટ જ્યુસ બ્લડ પ્રેશરને ઘટાડી શકે છે

વોશિંગ્ટન,તા. ૧

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બીટ રૂટ જ્યુસ દરરોજ પીવાથી બ્લડપ્રેશરને ઘટાડવામાં મદદ મળે છે. અગ્રણી ભારતીય સંશોધકના નેતૃત્વમાં કરવામાં આવેલા આ અભ્યાસ બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. હાઈબ્લડપ્રેશર વાળા લોકો જે આઠ અંશ બીટ રૂટ જ્યુસ પીવે છે તે લોકોને બ્લડપ્રેશરને આશરે ૧૦ એમએમ એચજી સુધી ઘટાડવામાં મદદ મળી છે પરંતુ પ્રાથમિક તારણોનો મતલબ એ નથી કે તેનો સંપૂર્ણપણે ઉપયોગ કરવામાં આવે. આમા જણાવવામાં આવ્યું છે કે બીટ રૂટ જ્યુસના લાભની સાથે સાથે ડાઈટ પણ મહત્વપૂર્ણ છે. પ્રાથમિક તારણોમાં સૂચન કરવામાં આવ્યું છે કે બીટ રૂટ જ્યુસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આનાથી સીધો ફાયદો થાય છે. બીટ રૂટ જ્યુસમાં આશરે ૦.૨ ગ્રામ ડાઈટરીં નાઈટ્રેટ છે જે બ્લડ પ્રેશરને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના તારણો અમેરિકન હાર્ટ એસોસીએશનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

આસામમાં ભરતી કેંપમાં ગોળીબાર : ૩ ઈજાગ્રસ્ત

જોરહાટ,તા. ૧

આસામના જોરહાટ જિલ્લામાં સેના ભરતી કેમ્પમાં ઉમેદવારોના ટોળા દ્વારા વિરોધ કરવામાં આવ્યા બાદ પોલીસે કરેલા ગોળીબારમાં ત્રણ લોકો ઘાયલ થતાં ભારે તંગદીલી ફેલાઈ ગઈ હતી. આર્મી બ્રાંચ રિક્રુટમેન્ટ ઓફિસ (બીઆરઓ) દ્વારા ત્રણ દિવસની ભરતીનું આયોજન કરાયું છે. જોરહાટ સ્ટેડિયમ ખાતે આ ભરતી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરી આસામના મોટી સંખ્યામાં ઉમેદવારો ભરતીના હેતુસર પહોંચ્યા હતા. કેટલાક ઉમેદવારોના દસ્તાવેજો ફગાવી દેવામાં આવ્યા હતા અને તેમને અનફીટ જાહેર કરવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આ લોકોએ હોબાળો મચાવ્યો હતો. તેમની પાસે સંબંધિત દસ્તાવેજો નહીં હોવાના કારણે ભરતી પ્રક્રિયામાં સામેલ કરાયા નહતા. બનાવના કારણે કેટલાક ઉમેદવારો તોડફોડ પર ઉતરી આવ્યા હતા. તંદગીલી વધતા સ્ટેડિયમ ઉપર ફરજ બજાવતા પોલીસે ગોળીબાર કર્યો હતો જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા ઉમેદવારોને જોરહાટની સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બીજી બાજુ પોલીસે પરિસ્થિતિ ઉપર અંકુશ મેળવ્યો હતો. આર્મી દ્વારા આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

નારીસહજ સુકુમારતા ક્ષેત્રે પણ નામના મેળવી છે. એક પોલીસ ઓફિસરની ફરજ બજાવતાં કિરણ બેદીને કોણ નથી જાણતું? અને ઈંગ્લિશ ચેનલ તરનાર અનિતા સુદ કે રનિંગ ક્વીન પી.ટી. ઉષા, શાઈની અબ્રાહમ અને અંજલિએ પોતપોતાના ક્ષેત્રમાં જવલંત સફળતા હાંસલ કરી છે. આજે કથરોટ ફાઈટ અને સ્પર્ધા છે તો એક્સપોઝર માટેની તકો પણ છે. હજી તો માંડ ૧૮ વર્ષ થયા હોય એવી ટેનિસની ખેલાડી સાનિયા મિર્ઝા અમેરિકાના વિખ્યાત મેગેઝિન 'ટાઈમ' ના પહેલા પાના પર ઝળકે એ શું ઓછી સિદ્ધિ કહેવાય?

અને અમેરિકાના ડિસ્કવરી યાન સાથે ભસ્મીભૂત થયેલી આકાશવીર કલ્પા ચાલવા મરીને સમગ્ર વિશ્વમાં અમર થઈ ગઈ. એની કીર્તિએ ભારતને પણ ઝળહળતો સિદ્ધિનો ગૌરવવંતો મુગટ પહેરાવ્યો.

આપણા ગુજરાતની વાત કરીએ, તો આજે આપણાં શિક્ષણમંત્રી માનનીય સન્નારી છે. અમદાવાદમાં સુંડલી-રેંકડી ચલાવી રોટલો રળતી અભણ નારીઓની 'સેવા' સંસ્થાના સ્થાપક ઈલાબહેન ભટ્ટની અપ્રતિમ સેવાને મેગ્સેસે એવોર્ડથી નવાજવામાં આવી છે.

અને થોડા દિવસો પર દિવ્યભાસ્કર દૈનિકમાં હિંમતનગરના એક સન્નારીની અમેરિકાની 'નાસા' સંસ્થાના રિચર્ચ આસિસ્ટન્ટ તરીતે નોંધ લેતા સમાચાર હતા કે આ સ્વાતિબહેન જે અવકાશયાનના પાર્ટ્સનું એનાલિસિસ કરે પછી જ રવાના કરવાની પરવાનગી મળે છે. તેઓ મોડાસાની એન્જિનિયરિંગ કૉલેજમાંથી ગોલ્ડમેડલ સાથે એન્જિનિયર થયાં પછી વડોદરા યુનિવર્સિટીમાં સ્ટ્રકચરલ એન્જિ.ના માં એમ.ઈ. કર્યું અને આજે અમેરિકાની 'નાસા' સંસ્થાના લેન્ગસી સેન્ટરમાં સેવાઓ આપે છે. ડિસ્કવરી યાનના સાત પૈકી બે સભ્યો આ સેન્ટરના હતા. આમ, શિક્ષણના પ્રકાશમાં ભારતનાં અસંખ્ય નારીરત્નો ઝળહળી રહ્યાં છે. આ છે શિક્ષણનો અદ્‌ભૂત જાદુ.

આવા સર્વતોમુખ વિકાસની સાથે-સાથે આજનો જમાનો નારી માટે કેટલાક પ્રોબ્લેમ અને પડકારો પણ લાવ્યો છે. ઘર આંગણે શિક્ષિત નારીને યોગ્ય જીવનસાથી મેળવવાની મથામણ ગંભીર બનતી જાય છે. સ્ત્રીએ ઘરનો ઉંબરો ઓળંગ્યો છે. પણ સલામતીની નોબત આવી છે. છાસવારે છોકરીઓને ભગાડી જવાના કિસ્સાઓ વધતા જાય છે. સ્ત્રીની જાતિય સતામણી વધી છે અને દિલ્હી જેવી આપણી રાજધાનીમાં દરરોજ અબળા નારી પર બળાત્કારના કિસ્સા નોંધાય છે. નારીની વિકાસયાત્રામાં આવા બમ્પ તો આવતા રહેવાના. હૈયામાં હોંશ હશે, તો એને પટકવાનો જોશ પણ આવશે. એમ કહેવાય છે કે જો વીસમી સદી પુરૂષની હતી તો એકવીસમી સદી નારીની છે. જો સંસારમાં સાચી શાંતિ અને સલામતી, સખ્ય અને સાયુજ્ય, પ્રેમ અને સંવાદિતા લાવવાં હશે, તો તે માત્ર નારી દ્વારા જ આવશે. આપણે પ્રતિક્ષા કરીએ.

- સૌજન્ય 'કણબી દર્શન'

ડિઝલમાં ભાવ વધારાને લઈ તીવ્ર વિરોધની શરૂઆત થઈ

નવી દિલ્હી,તા. ૧

અન્નાદ્રમુક અને સમાજવાદી પાર્ટીએ ડીઝલની કિંમતમાં કરવામાં આવેલા ભાવ વધારાની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. આ ઉપરાતં દેશમાં કેટલાક લોકોએ પણ ઉગ્ર વિરોધ કર્યો છે. બન્ને પાર્ટીએ ભાવ વધારાનો તીવ્ર વધારો કર્યો હતો. સમાજવાદી પાર્ટીના કાર્યકરો દ્વારા ઉત્તરપ્રદેશમાં વિરોધ કરવામાં આવ્યો હતો. જ્યારે જયલલિતાએ ડિઝલની કિંમતમાં ભાવ વધારા માટે અગાઉની યુપીએ સરકારની યોજના જવાબદાર હોવાનો સીદો આક્ષેપ કર્યો હતો. જયલલિલાએ કહ્યું હતું કે અગાઉની કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની નિતીને જારી રાખવાથી દેશના લોકો પર બોજ આવશે. પેટ્રોલિયમ પેદાશો માટે નવી ભાવ વ્યવસ્થાને લાગુ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જયલલિતાએ અપીલ કરી હતી. સાથે સાથે ભાવ વધારાને પરત ખેંચી લેવાની પણ માંગ કરી હતી. જયલલિતાએ એક નિવેદનમાં કહ્યું હતું કે ડીઝલની કિંમતમાં વધારાથી લોકો નિરાશ થયા છે. શાસનમાં ફેરફારથી લોકો રાહતની અપેક્ષા રાખી રહ્યા હતા. ઓઈલ માર્કેટિંગ કંપની દ્વારા ભાવમાં કરવામાં આવેલો વધારો યોગ્ય નથી. જયલલિતાએ કહ્યું હતું કે પેટ્રો પેદાશો માટે ભાવ નિતીમાં વ્યાપક ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા છે.

આયાતી ક્રુડની કિંમત સહિત કેટલાક પગલામાં સુધારાની જરૂર છે. તેના પ્રોસેસિંગ માટે ખર્ચમાં કાપ મુકવાની રજૂઆત કરવામાં આવી હતી. આના કારણે પેટ્રો પેદાશોના ખર્ચને ઘટાડી શકાશે અને ભાવને કાબુમાં લઈ શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો કરવામા આવ્યો હતો. ત્રણ સપ્તાહમાં રેટમાં બીજી વખત વધારો કરવામાં આવ્યો છે. લોકો નરેન્દ્ર મોદી સરકાર પાસેથી અનેક અપક્ષા રાખે છે. જેમાં મોંઘવારી પર અંકુશની બાબતનો સમાવેશ થાય છે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

હાં, આશાવાદી બનો અને માનવીય સંબંધોનું મૂલ્ય સમજોની સ્વ શિસ્ત ! જીવનનું અભેદ બખ્તર છે. સુંદર રીત ભાત જ સંબંધોને સજાવે છે. આક્ષેપબાજી તમારી બાજી બગાડી નાંખશે. તેથી સતત વાંચતા રહો, ટોળાંનો ભાગ બનો નહીં. બિન જરૂરી ઊંઘથી છૂટકારો મેળવો. કેમ કે પહેલું સુખ તે જાતે નર્યા. તમારો પરિવાર તમારા માટે સૌથી શક્તિશાળી આધાર છે. જીવન સફરને મન ભરીને માણો સાથે સાથે વંચિતોની નિ:સ્વાર્થ સેવા કરો. આ બધી વાતો શું તમને એક્સ્ટ્રાઓર્ડિનરી નથી લાગતી? કુલ-૧૨૦ પાનામાં બધી વાતો મુકી આપ્યાં પછી વાંચક તેમાં કંઇ નોંધ કરવા ઇચ્છે તો તે માટે પણ એક કોરું પાનું મુકવામાં આવ્યું છે.

'એક્સ્ટ્રા ઓર્ડિનરી ૫' ના લેખક અતુલ મગૂન મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ છે. દિલ્હીની આઇ.આઇ.ટી. ખાતેથી સ્નાતક થયા બાદ હાલમાં ન્યુયોર્કની કોર્નેલ યુનિવર્સિટીમાં એમ.બી.એ. નો અભ્યાસ કરી રહ્યા છે. ઘણા સામયિકોમાં તેઓ લેખો લખતાં રહ્યા છે. આ તેમનું પ્રથમ પુસ્તક છે.

જીવનમાં એક્સ્ટ્રા ઓર્ડિનરી સફળતા ઝંખતા સૌ કોઇ માટે ઉપયોગી એવા આ પુસ્તકને પ્રગટ કરવા બદલ આર.આર. શેઠ કંપની ધન્યવાદને પાત્ર છે. ખ્યાતિ ખરોડે તેનો સુંદર અનુવાદ કરી ગુજરાતી વાતકો માટે અણમોલ સેવા કરી છે તે માટે તેમને ધન્યવાદ પાઠવી પુસ્તકને આવકારું છું.

એક્સ્ટ્રાઓર્ડિનરી ૫ (સફળતા મેળવવાનાં સરળ પગલાં
લેખક - અતુલ મગૂન (અનુવાદ : ખ્યાતિ ખરોડ)
પ્રકાશક - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા.લિ.
'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ પાસે ખાનપુર,
અમદાવાદ - ૩૮૦૦૦૧
કિંમત - રૂા. ૯૯.૦૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

સમાચાર ઝલક

- **તાલિબાનોએ પાંચ વર્ષથી પકડેલ અમેરિકન સૈનિકને મુક્ત કર્યો.**
- **અજમેરમાં રેલ્વે સ્ટેશન પર વિદ્યાર્થીઓની ધમાલ.**
- **સમાન નાગરિક અધિકારનું સમર્થન કરતાં જસ્ટીસ કાત્જુ.**
- **ખાનગી ચેનલોમાં સમાચાર પ્રસારણ માટે વધુ છૂટછાટ અપાશે.**
- **અમેરિકામાં બે ભારતીયોએ સ્પેલીંગ સ્પર્ધા જીતી ગયા.**
- **વહીવટતંત્ર હવે તાલુકા-જિલ્લા કક્ષામાં ચિતન શિબિરો યોજાશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ.**
- **ગીરના જંગલમાં પક્ષીઓની વસ્તી ગણતરી, નાના પક્ષીઓમાં ૬ ટકાનો વધારો થયો.**
- **સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતના ૮ શાંતિ સૈનિકોનું સન્માન કર્યું.**
- **વારાણસીમાં નર્સ સાથે મારપીટ બદલ તબીબોની ધરપકડ.**
- **કલકત્તામાં ભારે વરસાદ, મૌસમમાં બદલાવ.**
- **૫૦ ડિગ્રી ગરમીમાં ભારતીયો સૈનિક જવાનો ઊંટ પર કચ્છ-રાજસ્થાન સરહદે પેટ્રોલિંગ કરી રહ્યાં છે.**
- **ઇટાલીનાં દરિયામાંથી ૩૦૦ સિરીયનોને બચાવી લેવાયા.**
- **તુર્કીમાં દેખાવકારોને સ્પ્રે કરીને વિખેરી દેવાયા.**
- **શ્રીલંકન નેવીએ ૨૯ ભારતીય માછીમારોને ધરપકડ કરી.**